## કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય દ્વારા
## કૃષિ મહાવિદ્યાલય, જબુગામ, તા. બોડેલી, જી. છોટાઉદેપુર ખાતે
## "મકાઈ અને શિયાળુ પાકોમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન"
## અંગે ખેડૂત દિનની ઉજવણી

આણંદ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા સાહેબના માર્ગદર્શન હેઠળ બં. અ. કૃષિ મહાવિદ્યાલયના કીટકશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૦૧-૦૩-૨૦૨૩ને બુધવારના રોજ રાજ્ય સરકાર દ્વારા અનુમોદિત "સંકલિત જીવાત વ્યવસ્થાપન અને જૈવિક નિયંત્રણ" યોજના અંતર્ગત કૃષિ મહાવિદ્યાલય, જબુગામ, તા. બોડેલી, જી. છોટાઉદેપુર ખાતે "મકાઈ અને શિયાળુ પાકોમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન" વિષય ઉપર ખેડૂત દિનનું આયોજન કરવામાં આવેલ, જેમાં અંદાજીત ૨૦૦ જેટલા ખેડૂતોએ ભાગ લીધેલ. આ કાર્યક્રમમાં ડૉ. વાય. એમ. શુકલ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદએ અધ્યક્ષ સ્થાનેથી આ અંતરિયાળ વિસ્તારમાં ખેડૂત દિનનું આયોજન કરવા બદલ કીટકશાસ્ત્ર વિભાગના વડા ડૉ. ડી. બી. સિસોદીયા અને તેમની ટીમને અભિનંદન પાઠવેલ તથા ભારતની G20 અધ્યક્ષતામાં કૃષિલક્ષી પ્રયત્નો, હલકા ધાન્યોનો ઉપયોગ અને આ.કૃ.યુ.ની વિવિધ શિક્ષણ તેમજ વિસ્તરણ તાલીમો વિશે માહિતી આપી. અતિથિ વિશેષ, ડૉ. એસ. આર. પટેલ, આચાર્ય અને યુનિટ વડા, કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., જબુગામ દ્વારા કેન્દ્ર ખાતે ચાલતી શિક્ષણ, સંશોધન અને ખેડૂતલક્ષી પ્રવૃત્તિઓ વિષે માહિતગાર કરેલ. કૃષિ-વ-બાગાયત સંશોધન કેન્દ્ર, જબુગામના વડા ડૉ. એચ. સી. પરમાર કેન્દ્ર ખાતે ચાલતા ખેડૂતપયોગી સંશોધનો સાથે-સાથે આંબા અને કેળની નવી જાતો વિષયક માહિતી પૂરી પાડવામાં આવી હતી. ડૉ. ડી. બી. સિસોદીયા, પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગએ યોજનાકીય માહિતી પૂરી પાડી મકાઈના પાકમાં ઉપદ્રવિત ટપકાંવાળી લશ્કરી ઇયળના સફળ વ્યવસ્થાપન માટેના પગલાં અંગે ખેડૂતોને માહિતગાર કરેલ. આ ઉપરાંત આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ વિષય નિષ્ણાંતો પણ કાર્યક્રમમાં તાંત્રિક વ્યાખ્યાનો આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા જેમાં આદર્શ પશુપાલન અંગે વિસ્તૃત માહિતી અને તેના સંલગ્ન પ્રશ્નોનું નિરાકરણ ડૉ. ડી. સી. પટેલ, પ્રાધ્યાપક અને વડા, પશુપાલન વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ દ્વારા; નિંદણની સમસ્યા અને તેનું વ્યવસ્થાપન અંગે ડૉ. ડી. ડી. ચૌધરી, સંશોધન વૈજ્ઞાનિક અને વડા, નિંદણ વ્યવસ્થાપન યોજના, આ.કૃ.યુ., આણંદ; શાકભાજી પાકોનો અવકાશ તથા તેના સંબંધિત પ્રશ્નોનો નિરાકરણ ડૉ. એમ. એમ. પંડ્યા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ; કૃમિથી થતાં નુકસાન અને તેના સંલગ્ન સમસ્યાઓનું નિરાકરણ શ્રીમતી અંજના પ્રજાપતિ, મદદનીશ પ્રાધ્યાપક, કૃમિશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ તેમજ ખેડૂતોના ક્ષેત્રીય પાકોના પ્રશ્નોનું નિરાકરણ કૃષિ

મહાવિદ્યાલય, જબુગામ ના વૈજ્ઞાનિકો કે જેમાં મકાઈ અને કેળના રોગો વિષયક મૂંઝવણ શ્રી અર્જુન રાઠવા, મદદનીશ પ્રાધ્યાપક; વેલાવાળા પાકોની જીવાતો તથા ભૂંડની સમસ્યા વિષે ડૉ. એમ. આર. ડાભી, મદદનીશ પ્રાધ્યાપક; વિવિધ પાકોમાં ખાતર-પાણી વ્યવસ્થાપન અંગે ડૉ. વી. બી. મોર તેમજ ખેત પેદાશોના મૂલ્ય વર્ધન વિષે ડૉ. એ. કે. શર્મા, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા કરવામાં આવેલ. વધુમાં ખેતી સંલગ્ન સરકારશ્રીની વિવિધ યોજનાકીય સહાય અને અરજીની પ્રક્રિયા વિષયક માહિતી શ્રી રણજિતભાઈ બારિયા, વિસ્તરણ અધિકારી, જબુગામ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પૂરી પાડેલ.

ખેડૂત દિન દરમ્યાન મહાવિદ્યાલયના છેલ્લા સત્રના વિદ્યાર્થીઓ દ્વારા "એક્સ્પિરીન્સીયલ લર્નિંગ પ્રોગ્રામ" અંતર્ગત ફ્રુટ જામ તેમજ કેસુડાના સુકા ફૂલ, સરગવાના સુકા પાન અને તુલસીના સુકા પાનનું વેચાણ કેન્દ્ર ગોઠવવામાં આવેલ. સાથે સાથે શાકભાજી સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ દ્વારા શાકભાજીની પાકોની જુદી જુદી જાતોના બિયારણનું વેચાણ પણ ગોઠવવામાં આવેલ જેનો ઉપસ્થિત ખેડૂતોએ ખરીદી કરી લાભ મેળવેલ હતો. વધુમાં "આંતરાષ્ટ્રીય હલકાધાન્ય વર્ષ"ની ઉજવણીના ભાગ રૂપે ખેડૂતોને ભોજનમાં બાજરીના ફ્લેરના લાડૂ પણ પીરસવામાં આવેલ હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. વિનોદ બી. મોર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, જબુગામ, શ્રી સાવન સેવક, શ્રીમતી રેખાબેન ઠાકોર તથા ખેડૂત અગ્રણીઓનો મહત્વનો ફાળો રહ્યો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. એચ. સી. પટેલ તથા આભારદર્શન શ્રીમતી મીનાક્ષી લુણાગારિયા દ્વારા કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

| કૃષિ મહાવિદ્યાલય, જબુગામ, તા. બોડેલી, જી. છોટાઉદેપુર ખાતે યોજાયેલ ખેડૂત દિનની ઝલક | |
|---|---|
|  |  |
|  |  |








મકાઈ અને શિયાળુ પાકોમાં સંકલિત જીવાત
વ્યવસ્થાપન
"ખેડૂત દિન"


મકાઈ અને શિયાળુ પાકોમાં સંકલિત જીવાત
વ્યવસ્થાપન
"ખેડૂત દિન"


મકાઈ અને શિયાળુ પાકોમાં સંકલિત જીવાત
વ્યવસ્થાપન
"ખેડૂત દિન"


મકાઈ અને શિયાળુ પાકોમાં સંકલિત જીવાત
વ્યવસ્થાપન
"ખેડૂત દિન"










વેચાણ


*****